**અન્ય ઉપયોગી માહિતી**

**૧૮.૧ લોકો દ્વારા પૂછાતા પ્રશ્નનો અને તેના જવાબોઃ-**

**પ્રશ્ન :- ૧. અમે વીજકર માફી/રાહત મેળવવા માટે અરજી કરેલ છે. પરંતુ હજી સુધી પ્રમાણપત્ર/લાભ મળેલ નથી.**
જવાબઃ-૧. પ્રશ્ન અધુરો છે આથી અરજીનો વિષય,અરજી કર્યા તારીખ અત્રેની કચેરીનો કોઇ પત્ર મળેલ હોય તો તેનો સંપૂર્ણ સંદર્ભ નંબર તારીખ સહિતની ની વિગતો દર્શાવવી વધુમાં પૂરવઠેદાર દ્વારા જરૂરી માહિતી મોકલેલ છે કે કેમ તે ચકાસી લો

**પ્રશ્ન :- ૨. બધીજ માહિતી મોકલી આપેલ હોવા છતાં પણ લાભ મળેલ નથી.**
જવાબઃ-૨.છેલ્લે જે વિગતો રજૂ કરેલ હોય,તે અંગેની સંપૂર્ણ વિગતો/તારીખ સહિત જણાવવી

**પ્રશ્નઃ-૩. વીજકર માફીનો/રાહતનો લાભ કેટલા સમયમાં મળશે.**
જવાબઃ-૩.અત્રેની કચેરી દ્વારા મંગાવેલ માહિતીનો સંપૂર્ણ જવાબ,દસ્તાવેજી આધારો સહિત મળ્યાબાદ કોઇ પૂરક પ્રશ્ન ઉદભવે નહિ તો દિન-૩૦ માં મળશે.

**પ્રશ્ન :- ૪ કચેરી દ્વારા વારંવાર જુદા જુદા પ્રશ્નનો પુછવામાં આવે છે.**
જવાબઃ- (૧) માહિતી સંપૂર્ણ રીતે આપી નહિ હોય,અથવા જે સંદર્ભમાં માહિતી પુછી છે તે સિવાયની બાબતે જવાબ આવેલ હશે. અથવા આવેલ જવાબમાંથી અગાઉ રજુ કરેલ ખુલાસા જોતા પૂરક પ્રશ્ન ઉદભવેલ હશે.

**૧૮.૨ માહિતી મેળવવા અંગે.**
RTI (RULES) પ્રમાણે

**૧૮.૩ જાહેર તંત્ર દ્વારા લોકોને અપાતી તાલીમ ની બાબત**
કોઇપણ પ્રકારની તાલીમ આપવામાં આવતી નથી.

**૧૮.૪ નિયમસંગ્રહ-૧૩ માં સમાવિષ્ટ ન કરાયેલ હોય તેવા,જાહેર તંત્રએ આપવાનાં પ્રમાણપત્રો,ના-વાંધા પ્રમાણપત્ર અત્રેથી કોઇ પણ પ્રકારના ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નથી.**

પરંતુ (૧) ગ્રાહકની વીજકર રાહત/માફીની અરજીને ધ્યાને લઇને ચકાસણી કર્યા બાદ,સંપૂર્ણ વિગતો મળે,ખાતાના વડાની મંજૂરી બાદ વીજકર રાહત ને વીજકર માફીના પ્રમાણપત્રો મંજૂર કરી આપવામાં આવે છે.

- અરજી કરવા માટેની પાત્રતા મુંબઇ વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ ની કલમ ૩ (૨) હેઠળના વીજ વપરાશ કારો તથા કલમ ૩ (૩) હેઠળના જાહેરનામા અંતર્ગતના વીજવપરાશ કારો.
- સદરહુ ગ્રાહકે સંબંધિત નિયત નમૂના માં અરજી સહિ-સિક્કા સાથે લેટર પેડ પર અરજી કરવાનો રહે છે.
- અરજી કરવા માટેની સંપર્ક માહિતી : વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી બ્લોકનં.૧૮, ૭મો માળ, સેક્ટર-૧૧, ઉધોગ ભવન. ગાંધીનગર.
- અરજી ફી - વિના મૂલ્ય
- અરજી ફોર્મ- વીજકર માફી માટે નિયત નમૂના મુજબના અરજી પત્રકમાં અરજી કરવાની રહે છે. અને સહિ-સિક્કા સહિત જરૂરી બિડાણો રજૂ કરવાના રહે છે. અને વીજકર રાહત દર માટે લેટર પેડ પર વીજબીલ ની ઝેરોક્ષ નકલ સહિતી સહિ.સિક્કા કરી અરજી કરવાની રહે છે.
- બિડાણો/દસ્તાવેજો ની યાદી અરજી પત્રક માં જણાવેલ છે તે મુજબના તમામ સી.એ.સર્ટિ, મશીનરી પત્રક સોગંદનામુ
  - બિડાણ/દસ્તાવેજોના નમૂના
  - સી.એ.સર્ટિ
  - મશીનરી પત્રક અને
  - સોગંદનામું.

• અરજી કરવાની પધ્ધતિ

જરૂરી વિગતવાર નિયત નમૂનામાં અરજી પત્રક માં સહિ-સિક્કા સાથે બિડાણો સહિત અરજી કરવાની રહે છે.

- અરજી મળ્યા પછી જાહેર તંત્રમાં થનાર પ્રક્રિયા :-
- અરજીની સંદર્ભમાં જરૂરી નોંધણી કરી, ફાઇલ બનાવી ચકાસણી કરી દિન-૩૦ માં જવાબ આપવાનો રહે છે. અને ખૂટતી જરૂરી વિગતો બાબતે એકમ તેમજ અન્ય સંસ્થાઓ પાસેથી (પુરવઠેદાર) જરૂરી વિગતો મંગાવવાની રહે છે. તેમજ અરજી ની વિગતો જોતાં યોગ્ય નિર્ણય લેવાનો રહે તે મુજબની કાર્યવાહી ની જાણ એકમને કરવાની રહે છે.
- પ્રમાણપત્ર આપવામાં સામાન્ય રીતે લાગતો સમય

  એકમનો સંપૂર્ણ જવાબ વિગતવાર દસ્તાવેજી આધારો સહિત મળ્યાબાદ દિન-૩૦ માં કાર્યવાહી કરી,ખાતાના વડાની મંજૂરી મેળવી પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- પ્રમાણપત્રનો કાયદેસર નો સમયગાળો - પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબ.
- નવી કરણ માટેની પ્રક્રિયા (જો હોય તો ) લાગુ પડતું નથી.

**૧૮.૫ નોંધણી પ્રક્રિયા અંગે.**

ઉદેશ

વીજ ગ્રાહકોની અરજીની રજૂઆત ને ધ્યાને લઇ યોગ્ય દરે વીજકર ચાર્જ કરવો અને રાહત અને વીજકર માફીનો લાભ આપવો અને ઔધોગિક વિકાસ ને પ્રોસ્તાહત આપી રાજયના વિકાસમાં ફાળો આપવો સાથે સાથે સરકારશ્રી મહેસુલી આવકમાં પણ જો કોઇ ક્ષતિ જણાય તો તે અંગે રીકવરીની કાર્યવાહી પણ કરવાની રહે છે. રાજયમાં સ્થાપિત સ્વવીજ ઉત્પાદનની ક્ષમતા મેળવવા તથા વીજકરની વસુલાત માટે

**૧૮.૬ જાહેર તંત્રે કર ઉઘરાવવા અંગે**

- વેરાનું નામ અને વિવરણ
- વીજકર - આ કર વીજવપરાશ ની કુલ કિંમત ઉપર ટકાવારીના ધોરણે વસુલ કરવામાં આવે છે તથા સ્વ વીજ ઉત્પાદન માટે પ્રતિ યુનીટ વીજકર વસુલવામાં આવે છે.
- વેરા લેવાનું હેતુ
- રાજય સરકાર દ્વારા પ્રજાલક્ષી વિકાસ કાર્યો માટે.
- કર નિંધારણ માટેની કાર્યવાહી અને માપદંડ અર્થે રાજયના અંદાજ પત્ર મુજબ
- મોટા કસૂર દારોની યાદી
  1. એસ્સાર પાવર લીમીટેડ.
  2. દિગ્વીજય સિમેન્ટ

**૧૮.૭ વીજળી/પાણીનાં હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગેની પાત્રતા પૂરવઠેદાર દ્વારા નક્કી કરવામાં આવે છે.**

**૧૮.૮ જાહેર તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત.**

આ સિવાય અન્ય કોઇ સેવાઓ આપવામાં આવતી નથી.